અપીલ અરજી નં.૩૨૬ તા.૫–૧૦–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી સી.જી.પરમાર
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી સી.જી.પરમારની તા. ૨૯–૮–૧૧ની અરજીથી પ્લોટ નં.૨૫ રોડ નં–૨ ઉધના,ઉદ્યોગનગર,પેટ્રોલપંપની સામે મિલ્કતમાં કરવામાં આવી રહેલ બાંધકામની કાયદેસરતા કેટલી ? સદર મિલ્કતમાં આપના વિભાગ ધ્વારા કયારે અને કેટલા ચોરસ ફુટનું ડીમોલેશન કરવામાં આવેલ સદર મિલ્કતધારક પાસેથી કેટલો દંડ વસુલવામાં આવેલ? પહોંચની નકલ આપવી સદર મિલ્કતમાં ડીમોલેશનના સમયે બાંધકામની શું સ્થિતિ હતી ? આજની તારીખમાં સદર મિલ્કતમાં કેટલા માળ અને કેટલા ચોરસ ફુટમાં બાંધકામ કરવામાં આવેલ છે ? તેની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૫–૧૦–૧૧ ની **SMC/FAP/** નં.૩૨૬/૨૦૧૧–૧૨

શ્રી સી.જી.પરમારની તા. ૨૯–૮–૧૧ની પ્લોટ નં.૨૫ રોડ નં–૨ ઉધના ઉદ્યોગનગર,પેટ્રોલપંપની સામે મિલ્કતમાં કરવામાં આવી રહેલ બાંધકામની કાયદેસરતા કેટલી ? સદર મિલ્કતમાં આપના વિભાગ ધ્વારા કયારે અને કેટલા ચોરસ ફુટનું ડીમોલેશન કરવામાં આવેલ ? સદર મિલ્કતધારક પાસેથી કેટલો દંડ વસુલવામાં આવેલ ? પહોંચની નકલ આપવી સદર મિલ્કતમાં ડીમોલેશનના સમયે બાંધકામની શું સ્થિતિ હતી ? આજની તારીખમાં સદર મિલ્કતમાં કેટલા માળ અને કેટલા ચોરસ ફુટમાં બાંધકામ કરવામાં આવેલ છે ? તેની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૫–૧૦–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ દિન–૦૫માં પહોંચતી કરવા તથા **અપીલના મુદૃા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા મિલ્કત બાબતે બાંધકામ રજીસ્ટર–દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૯૫૯ તા.૧૪–૧૦–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને મિલ્કતનાં રેવન્યુ સર્વે નં. ,સીટી સર્વે નં., ફાયનલ પ્લોટ નં.,ટેનામેન્ટ નં. જેવી મિલ્કતની ઓળખની ચોકકસ વિગતો આપી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માહિતી મેળવવા પ્રયત્ન કરેલ કે કેમ ? એસ.એમ.સી.ની વેબ સાઈટ પરથી મેળવી રજુ કરવા પ્રયત્ન કરેલ કે કેમ ? જો હોય તો વિગતો રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન કક્ષાએથી પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૪૮૪ તા.૨૫–૧૦–૧૧ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/ટેક./૪૪૫ તા.૧૦–૧૦–૧૧ ના પત્રની નકલ, નોંધ વિભાગ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૨૯–૮–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ નિર્ણય ન મળવાથી નારાજ થઈ તા.૫–૧૦–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૪૪૫ તા.૧૦–૧૦–૧૧ થી સમય અવધિ બાદ " પ્લોટ નં.૨૫, રોડ નં.૨, પેટ્રોલપંપ સામે ઉધના ઉદ્યોગનગર સંઘમાં આવતી મિલ્કતના બાંધકામ બાબતે ઉધનાઝોનમાં વિકાસ માંગતી અરજી આવેલ છે. જે હાલમાં કાર્યવાહી હેઠળ છે. તેવું જણાવેલ છે. આમ અરજદારને બાંધકામને લગતી દફતરી હકીકતલક્ષી માહિતી જણાવવામાં આવેલ છે. પરંતુ સદર મિલ્કતના ડીમોલીશન સબંધિત દફતરી હકીકતલક્ષી કોઈ હકીકત જણાવેલ નથી તેમજ આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ પણ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૯–૮–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી ન પડાયેલી ડીમોલીશન બાબત હેઠળની વિગતોની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને જણાવવામાં આવે છે.

વધુમાં અરજદારની અપીલમાં કરેલ શિક્ષાત્મક પગલા લેવાની રજૂઆત બાબતે શિક્ષાત્મક કાર્યવાહી કરવાની સત્તા આરટીઆઈ કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગ, સેકટર–૧૮, ગુજરાત રાજય ગાંધીનગરને હોઈ અત્રેથી તે અંગે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

(એસ.એન.મહેતા)
ડે.કમિશ્નર (ફા.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી સી.જી. પરમાર